
# શ્રી આનંદ કલ્યાણ

વિ.સ. ૨૦૭૧, જેઠ સુદ ૭ • તા. ૨૫ મે, ૨૦૧૫ • અંક : ૨

2



શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
અમદાવાદ



સમ્મેતશિખર સ્થિત જલ મંદિરનું સંપુર્ણ રંગકામ થયા પછી નું
મનોહારી દ્રશ્ય

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટનું મુખપત્ર
(ધાર્મિક ધર્માદા ટ્રસ્ટ રજી નં. એ-૧૨૯૯/અમદાવાદ)

# શ્રી આનંદ કલ્યાણ

વર્ષ : ૧ અંક : ૨ મૂલ્ય : ₹ ૨૦ વાર્ષિક લવાજમ : ₹ ૧૦૦

## મક્ષી પાર્શ્વનાથની સ્તવના

મક્ષી પારસનાથનો મહિમા, જગમાં વ્યાપક સઘળે છે.
સંઘ ચતુર્વિધ ભક્તિસભર થઈ પાર્શ્વપ્રભુ ને પ્રણમે છે.
સંગ્રામસોની નામક શ્રેષ્ઠિએ જિન મંદિરની કરી સ્થાપના,
તીર્થનો મહિમા વધતે રહે બસ, એમની એક જ ભાવના.
વિક્રમ સંવત ચૌદસો બોંતેરમાં પ્રભુની પ્રતિષ્ઠા થઈ,
સોમસુંદરસૂરિજીના હાથે સાધનાસભર તિતિક્ષા થઈ.
શ્યામલ વરણ શોભિત છે, સુંદર, મેઘઘટા હો સાવનની
પ્રભુ દર્શનની પળો આ જાણે, અખિયન પ્યાસ બુઝાવનની
ખુબસૂરતીના સાગર જેવી મોહક મૂર્તિ પ્રભુવરની
માલવાંચલ શું આખા ભારતની શોભા આ જિનવરજી !
ઉન્નતશિખરે ધ્વજા લહેરાયે સહુને આપે આમંત્રણ !
યાત્રા કરીને સફળ કરી લ્યો ભક્તો, તમારું આ જીવન
છત્રીસ દેવકુલિકાઓમાં છે નાના મોટા પ્રતિમાજી,
દેવવિમાન જેવું દેરાસર નિરખીને સહુ છે રાજી
પાર્શ્વયક્ષ માણીભદ્રવીરને ક્ષેત્રપાળ મહિમાશાળી
ભક્તોની મનોકામના પૂરે, તીર્થની કરતા રખવાળી
પ્રભુના ચરણમાં, પ્રભુની શરણમાં ભક્તો, આવો ભાવથી
તનમન જીવન ધન્ય થશે આ, પ્રભુમૂર્તિના પ્રભાવથી
દર્શન-પૂજા ભક્તિ કરીને ધ્યાન કરો મન લગાવીને
જીવનપથ આલોકિત કરીએ સ્નેહના દીપ જલાવીને

- ભદ્રબાહુવિજય

મે, ૨૦૧૫

: પ્રકાશક :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,
૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

'શ્રી આનંદ કલ્યાણ' (ત્રૈમાસિક પત્ર)

વર્ષ : ૧ અંક : ૨

પ્રકાશન

વિ.સં. ૨૦૭૧, જેઠ સુદ-૭ • તા. : ૨૫-૫-૨૦૧૫, સોમવાર

પ્રકાશક :

મહેન્દ્ર શાહ (જનરલ મેનેજર)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ

શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન,

૨૫, વસંતકુંજ, નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૭

ફોન : ૨૬૬૪૪૫૦૨ – ૨૬૬૪૫૪૩૦ Telefax : (079)2660 8244

E–mail : shree_sangh@yahoo.com / info@anandjikalyanji.com

મુદ્રક :

નવનીત પ્રિન્ટર્સ (નિકુંજ શાહ) મો. : ૯૮૨૫૨ ૬૧૧૭૭

## મહત્ત્વની સૂચના

પ્રસ્તુત અંક શ્રી આનંદ કલ્યાણ-૨ ના રૂપે આપના હાથમાં પહોંચી રહ્યો છે. આ પહેલાં આનંદ કલ્યાણ અંક ૧ થી ૬ પ્રકાશિત થયા હતા. ભારત સરકારના મેગેઝીન રજીસ્ટ્રેશન વિભાગ દ્વારા શ્રી આનંદ કલ્યાણ નામ રજીસ્ટર્ડ થતા હવેથી આ મેગેઝીન શ્રી આનંદ કલ્યાણના નામે છપાશે. સામગ્રી, રજૂઆત વગેરે બધું પૂર્વવત્ રહેશે.

આ અંક મક્ષીતીર્થ (મધ્યપ્રદેશ) ખાતે આયોજિત પ્રતિષ્ઠા પ્રસંગે પ્રકાશિત થતો હોવાથી એ તીર્થ અને પ્રતિષ્ઠા પ્રસંગથી સંબંધિત સામગ્રીનું સંકલન કરવામાં આવ્યું છે.

અનિવાર્ય અને અપરિહાર્ય કારણોસર આ અંકના પ્રકાશનમાં વિલંબ થયો છે જે બદલ ક્ષમાપ્રાર્થી છીએ.

# મક્ષીજી તીર્થ (મક્ષી પાર્શ્વનાથ)

માળવામાં ઉજ્જયિની નગરીથી પૂર્વમાં ૪૦ કિ.મી. દૂર શાજાપુર જિલ્લામાં મક્ષી રેલવે સ્ટેશન છે. સ્ટેશનથી અડધા કિ.મી.ની દૂરી પર જી.ટી. કરનાલ રોડ પર મક્ષી ગામ છે. અહીં શ્વેતાંબર પરંપરાનું મક્ષીજી પાર્શ્વનાથજીનું વિશાળ ગગનચુંબી ભવ્ય દેરાસર છે. આ દેરાસરનું નિર્માણ વિક્રમ સંવત ૧૪૭૨ (ઇસ્વીસન્ ૧૪૧૬)માં થયું હતું. મક્ષી પાર્શ્વનાથની વિશાલ પ્રતિમા પંદરસો વરસ કરતા વધારે પ્રાચીન છે. આ પ્રતિમા રેત એટલે કે 'સેન્ડસ્ટોન'ની બનેલી છે. મૂળ દેરાસર નીચેના ભૂમિગૃહમાંથી આ પ્રતિમાજી પ્રગટ થયા હતા. મૂળનાયક મક્ષીજી પાર્શ્વનાથની શ્યામ રંગની સવાબે હાથની વિશાળ પ્રતિમા-પ્રાગટયનાં મૂળ સ્થાને પાછળથી ઓટલો બનાવી દેવાયો હતો.

આ દેરાસરના મૂળ નિર્માતા માંડવગઢના તત્કાલીન રાજ્ય કોશાધ્યક્ષ સંગ્રામ સોનીએ પોતાના મહાનઉપકારી ગુરુદેવ આચાર્યશ્રી સોમસુંદરસૂરીશ્વરજીના વરદ હસ્તે મક્ષી પાર્શ્વનાથની પાવનકારી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. વરસોના વહાણા વાતાં દેરાસર જીર્ણશીર્ણ બન્યું. ત્યારે લાખ્ખો રૂપિયા ખર્ચીને શ્વેતાંબર જૈન સંઘે ભવ્ય મંદિર બંધાવ્યું હતું. ગોળાકાર આસન ઉપર બિરાજમાન આ પ્રતિમાની આજુ-બાજુ ચામર ઢોળતાં ઇન્દ્રો અને અન્ય દેવ દેવીઓની મૂર્તિઓ છે. મૂર્તિ ઉપર કટિસૂત્ર, વસ્ત્રપટ તથા શ્રીવસ્તના અંકન છે. મૂર્તિ ઉપર સર્પના સાત ફણ ફેલાયેલા છે. ફણાની આસપાસ બે હાથીઓ પણ છે. મૂર્તિની નીચે સર્પનું ચિહ્ન અંકિત છે. મૂળનાયક પરમાત્માની શ્યામવર્ણી સલૂણી મૂર્તિ અત્યંત મનોહારી, આકર્ષક અને નયનાભિરામ પ્રતીત થાય છે. દર્શન થતાં જ ભક્તો જુદા જ ભાવાલોકમાં પહોંચી જાય છે. મૂળનાયક ભગવાનની ડાબી બાજુ બાવીસમાં તીર્થંકર નેમનાથની શ્યામરંગી પ્રતિમા છે. જ્યારે જમણી બાજુ ચિંતામણી પાર્શ્વનાથની શ્યામવર્ણની મનોહારી પ્રતિમા છે. આ ઉપરાંત અન્ય પ્રતિમાઓ પણ છે.

મૂળનાયક ભગવાનની બરાબર નીચે પાર્શ્વયક્ષની એક ચમત્કારિક પ્રતિમા બિરાજમાન કરવામાં આવી છે જેની સાથે ચમત્કારી ઘટના જોડાયેલી છે. સભામંડપમાં માણીભદ્રવીર, ચક્રેશ્વરીદેવી, પદ્માવતી દેવી, પાર્શ્વયક્ષ વગેરે પ્રતિમા પણ છે. સભામંડપના વચલા બારણા ઉપર પાર્શ્વનાથ ભગવાનની નાનકડી મૂર્તિ કોરેલી છે. માણીભદ્રજીની મૂર્તિની પાસે મૂળનાયક પાર્શ્વનાથ ભગવાનના લેપ પહેલાના અને લેપ પછીના ફોટાઓ મૂકવામાં આવ્યા હતા. ગભારામાં તથા માણીભદ્રવીર અને દેવી પદ્માવતી પાસે અખંડ જ્યોત હંમેશા જલતી રહે છે.

મુખ્ય મંદિરની પ્રદક્ષિણા-પરિક્રમામાં પહેલા બેતાલીસ (૪૨) દેવકુલિકાઓ હતી હાલમાં છત્રીસ (૩૬) દેવકુલિકાઓ છે. જે જીર્ણોદ્ધારિત થઈને નવનિર્મિત બની છે. જેમાં અલગ અલગ પરમાત્માની પ્રતિમાઓ બિરાજમાન કરવામાં આવી છે. મૂળનાયક સહિત તમામ જિનપ્રતિમાજીની દરરોજ અષ્ટપ્રકારી પૂજા વગેરે કરવામાં આવે છે. મંદિરોમાં બિરાજમાન મૂર્તિઓ ઉપર, પ્રાયેઃ ૧૫૪૮ના શિલાલેખો છે.

મુખ્ય દેરાસરનું પંચોતેર ફીટ ઉંચુ શિખર આ તીર્થનું મુખ્ય આકર્ષણ છે જે બે-ત્રણ કિલોમીટર દૂરથી દેખાય છે અને લોકોને પોતાની તરફ આકર્ષિત કરે છે આ ભવ્ય શિખરની સ્થાપના વિક્રમસંવત ૧૯૧૩ ઈસ્વીસન્ ૧૮૫૭માં કારતક સુદ-૧૩ ના દિવસે સોમવારે ઉજ્જૈન નિવાસી શ્રાવકરત્નની ઉદયચંદભાઈએ તપાગચ્છીય પરંપરાના ભટ્ટારક શિરોમણી દેવેન્દ્રસૂરિજીની પરંપરાના મુનિશ્રી કલ્યાણવિજયજીના હાથે કરાવી હતી.

સંવત-૧૪૭૨ થી સંવત-૧૯૩૮ (ઇસ્વીસન્ ૧૮૮૧) સુધીનો ઇતિહાસ શિલાલેખોમાં સચવાયેલો છે. મક્ષી તીર્થની જિન પ્રતિમાજી, ચરણપાદુકા વગેરે પર અંકિત વિવિધ શિલાલેખો સંવત ૧૬૬૭ (ઇસ્વીસન્ ૧૬૧૦) થી માંડીને સંવત-૧૯૪૯ (ઇસ્વીસન્-૧૮૯૩) સુધીના મળે છે.

કેટલાંક સંઘર્ષોના અંતે સંવત-૧૯૩૯માં (ઇસ્વીસન્-૧૮૮૨)માં

સહુ પ્રથમ શ્વેતાંબર દિગંબર સંઘો વચ્ચે એક સમાધાન-સમજૂતિનો કરાર થયો જેમાં મોટું મંદિર શ્વેતાંબર વહીવટમાં તથા નાનું મંદિર દિગંબર વહીવટમાં રહે તેમ સ્વીકારાયું. સમયે સમયે નાના મોટા સંઘર્ષોના કારણે ઇસ્વિસન્-૧૯૨૧ સુધીમાં મક્ષીતીર્થની વહીવટ હાલત બગડતી રહી. ત્યારે માળવાના સંઘો ખાસ કરીને શાજાપુરના સંઘના અગ્રણીઓ અમદાવાદમાં શાસનસમ્રાટ આચાર્ય ભગવંત શ્રી નેમિસૂરીશ્વરજી મ.સાહેબને મળ્યા અને મક્ષીતીર્થની સ્થિતિ જણાવી. પૂજ્ય આચાર્ય ભગવંતનો પ્રભાવ સમગ્ર શ્રી જૈનસંઘ ઉપર હતો. વિશેષ કરીને શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ એમના માર્ગદર્શન તળે સંઘસેવા અને તીર્થરક્ષાની પ્રવૃત્તિઓ કરતા હતા.

પૂજ્ય આચાર્ય ભગવંતે શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના તત્કાલીન અગ્રણીઓને બોલાવીને તીર્થનો વહીવટ સંભાળી લેવા ભલામણ કરી અને આમ વિક્રમસંવત-૧૯૭૮, ઇસ્વીસન્-૧૯૨૧,માગસર સુદ-૧૦ શુક્રવારના દિવસે શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટે મક્ષીતીર્થનો વહીવટ વિધિવત્ સંભાળ્યો. ઇસ્વીસન્-૧૯૨૧થી ૧૯૪૪ સુધી ટ્રસ્ટે તીર્થની વ્યવસ્થા, કાર્યાલય, યાત્રિકો માટે કેટલીક સગવડતાઓ વગેરેના આયોજનો સુનિયોજિત કર્યા.

કેટલાક મહાનુભાવોએ આ તીર્થ સાથે જોડાઈને સેવાઓ આપી જેમાં નીચેના શ્રાવકોનું યોગદાન અવિસ્મણીય બન્યું છે.

સને ૧૮૮૨ થી ૧૯૮૨ દરમ્યાન શ્રી શ્વેતામ્બર મંદિર મક્ષીની વ્યવસ્થા ભાઉસાહેબ ગુજરાતીએ અત્યંત કુશળતા પૂર્વક કરી. ત્યાર બાદ શેઠ કરમચંદજી (ઉજ્જૈન), શેઠ જમનાલાલજી (શાજાપુર) ૧૯૧૩ સુધી, લક્ષ્મીચંદજી ભાંડવત વગેરેએ તીર્થ વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી.

સને ૧૯૨૧થી ગ્વાલિયર દરબારના આદેશથી પંચકમેટી બની જેમાં શ્વેતાંબર સંઘ વતી કરમચંદજી (ઉજ્જૈન), કલકત્તાવાળા રાયસાહેબ બાબુ બદ્રીદાસજીના સુપુત્ર રાજકુમારસિંહજી, શેઠ લાલચંદજી છાજેડ (ઇન્દોર) શેઠ સાકળચંદભાઈ (અમદાવાદ) શેઠ સિદ્ધરાજજી (ગ્વાલિયર) મૂલચંદજી

લલવાણી (ભોપાલ) વગેરેએ તીર્થરક્ષા અને વ્યવસ્થામાં યોગદાન આપ્યું. ૧૯૪૪ થી ૧૯૬૨ સુધી પંચ કમેટી રહી ત્યાં સુધી અમદાવાદના શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ચંન્દ્રકાન્તભાઈ ગાંધીએ પંચ કમેટીમાં ૨૨ થી ૨૩ વર્ષ સુધી સેવા આપી. આ દરમ્યાન ઘણા પ્રસંગોમાં એમની ધીરજ, કાર્યસૂઝ તથા કોઠાસૂઝનો લાભ મક્ષીતીર્થના વિકાસ કાર્યોને મળ્યો. તકલીફો આવી, સમસ્યાઓ સર્જાઈ, રસ્તાઓ મુશ્કેલ થયા પણ નીકળ્યા જરૂર !

સને ૧૯૪૪માં જૈન શ્રમણ પરંપરાના સાગર સમુદાયના રત્ન, શાસનસુભટ ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજના ઉજ્જૈન ચાતુર્માસ દરમ્યાન એમણે શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટના અમદાવાદના પ્રમુખ તથા ટ્રસ્ટીઓને ભારપૂર્વક ભલામણ કરીને ઉજ્જૈનના શ્રેષ્ઠિ શ્રી ત્રિકમભાઈ અમૃતલાલ શાહને તા. ૪-૨-૧૯૪૪ થી મક્ષીતીર્થના વહીવટમાં જોડ્યા ત્યારથી માંડીને સમગ્ર જીવનકાળ દરમ્યાન મક્ષીતીર્થના વહીવટમાં ત્રિકમભાઈનું વહીવટી જ નહી પણ તમામ ક્ષેત્રે અપ્રતિમ યોગદાન રહ્યું. કોર્ટના કેસ હોય, સ્થાનિક અમુક વર્ગની આડોડાઈ કે અકારણ વિરોધ-વાંધા હોય, મૂળનાયક સમક્ષના ઓટલાને તોડીને પાર્શ્વયક્ષની પ્રતિમાનું પ્રગટીકરણ (૨૨-૧૧-૧૯૬૩), મૂળનાયક ભગવાનની પ્રતિમાનો જૂનો લેપ કાઢવાની ક્રિયા (સન્ ૧૯૬૧), સને ૧૯૬૩માં માણીભદ્રવીરની મૂર્તિ ઉપરથી ૩૮ થેલા ભરીને સિંદૂર અને ચૂનાના ઢગલા ઉખેડીને દૂર કર્યા અને ૮ થી ૧૦ ઈંચની સુંદર, નયનરમ્ય માણીભદ્રદાદાની મૂર્તિ પ્રગટ થઈ, આ વખતે હજારો લોકો માણીભદ્ર-પ્રાગટ્યના પ્રસંગે એકત્ર થયા હતા. લોકોએ માણીભદ્ર દાદાને ચઢાવેલા શ્રીફળનો મોટો ઢગલો થયો હતો. મક્ષીતીર્થની ઉન્નતી અને પ્રગતિ માટે આ બધા સૂચક શુકુન હતા. ૧૯૬૫માં દેરાસરના શિખરના જીર્ણોદ્ધારનું કાર્ય પ્રારંભાયું. ૧૨ મહીના આ કાર્ય ચાલ્યું. જૈન સંઘના પ્રભાવક મુહૂર્તવિશારદ આચાર્ય ભગવંત શ્રી નંદનસૂરિજી મહારાજ સાહેબના આપેલા મંગલ મુહૂર્તે તા. ૨૮-૪-૧૯૬૬ ગુરુવાર,

વૈશાખ સુદ-૮ના સવારે ૯-૨૯-૨૪ કલાકે પંન્યાસ શ્રી લબ્ધિસાગરજી મહારાજની પુણ્યનિશ્રામાં દેરાસરના શિખર ઉપર ધ્વજ-દંડ ચઢાવવાનું મંગલ કાર્ય સંપન્ન થયું. સાથે જ ઉત્તુંગ શિખર ઉપર ધર્મધ્વજા લહેરાઈ.

૧૯૭૫માં પેઢીના અધ્યક્ષ શ્રી કસ્તુરભાઈના વરદ્ હસ્તે તીર્થ ખાતે નવનિર્મિત ભોજનશાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું અને નવીન ધર્મશાળા માટે શિલાન્યાસ કર્યો.

આ પ્રસગે શ્રી ત્રિકમભાઈના ધર્મપત્ની સુશ્રાવિકા શ્રીમતી મંજુલાબેનના ૩૦૦૦ આયંબિલના તપનું પારણું પણ થયું. પ્રભુ પ્રતિમાના લેપકાર્ય અને પ:છીથી ઉભી થયેલી કાયદાકીય ગૂંચો ઉકલે અને તીર્થોન્નતિ થાય આ ભાવ સાથે સને ૧૯૬૧માં મંજુલાબેને આયંબિલ તપની આરાધના પ્રારંભ કરી હતી. ૧૪ વરસની આ તપ સાધના દ્વારા આ શ્રાવિકાએ તીર્થ ભક્તિનું અનુપમ ઉદાહરણ પ્રસ્તુત કર્યું.

૨૪ સપ્ટેમ્બર ૧૯૭૯ના દિવસે શેઠ કસ્તુરભાઈ લાલભાઈના હાથે નવી બનેલી ધર્મશાળાનું ઉદ્ઘાટન થયું. એ વખતે પોતાના પ્રવચનમાં શેઠ કસ્તુરભાઈએ ત્રિકમભાઈની મક્ષીતીર્થ પ્રત્યેની ભક્તિ અને વહીવટી કુશળતાની ભરપૂર અનુમોદના કરી હતી. ત્યારે ઉપસ્થિત શેઠ શ્રેણિકભાઈ કસ્તુરભાઈએ પણ ત્રિકમભાઈની સેવાઓની ખૂબ ખૂબ સરાહના કરી હતી. આમ મક્ષીજી તીર્થ અને ત્રિકમભાઈ એકમેકમાં ભળી ગયા ! મક્ષીતીર્થના છેલ્લા પચાસ વર્ષોના ઈતિહાસમાં ત્રિકમભાઈ તીર્થના રક્ષણ માટે અડીખમ દિવાલની જેમ ઉભા રહ્યા હતા. વર્ષો સુધી જુદી જુદી કોર્ટોમાં ચાલી રહેલાં શ્વેતાંબર દિગંબરના વિવાદોનો નિકાલ તા. ૨૨-૧૧-૨૦૦૭ના દિવસે બન્ને પક્ષો વચ્ચે સમજૂતિ રૂપે થયો જેના પર શાજાપુર ન્યાયાલયે પણ મહોર મારી.

હાલમાં આ તીર્થમાં અનેક વિકાસ કાર્યો થઈ રહ્યા છે. દેરાસર પરિસરમાં નવનિર્મિત ૩૬ દેરીઓના કારણે આખું મંદિર દીપી ઉઠે છે. યાત્રિકો માટે વધુ સગવડતાઓ ઉભી કરવા શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ સંપૂર્ણ રીતે સક્રિય છે.

**અતિપ્રાચીન શ્રી મક્ષી પાર્શ્વનાથ મહાતીર્થના મુખ્ય જિનાલયમાં નવનિર્મિત શિખરબદ્ધ ૩૬ દેવકુલિકાઓની પાવન પ્રતિષ્ઠા મહામહોત્સવ પ્રસંગ નિમિત્તે પધારવા સકલ શ્રી સંઘને નિમંત્રણ છે.**

*: મહોત્સવનો મંગલ પ્રારંભ :*

જેઠ સુદ-૧૩, તા. ૩૧-૦૫-૨૦૧૫, રવિવાર

*: પ્રતિષ્ઠાનો પાવન દિવસ :*

જેઠ વદ-૨, તા. ૦૪-૦૬-૨૦૧૫, ગુરુવાર

*: મહોત્સવ સમાપન :*

જેઠ વદ-૩, તા. ૫-૬-૨૦૧૫, શુક્રવાર

**પ્રતિષ્ઠા મહોત્સવના નિશ્રાદાતા પૂજ્ય ગુરુ ભગવંતો**

શ્રી સાગર સમુદાયના ૨૧ વર્ષીતપના દીર્ઘ તપસ્વી
પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી જિનરત્નસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ,
વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી
જિતરત્નસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ,
મહાતપસ્વી પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રી ચંદ્રરત્નસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ
આદિ વિશાળ સાધુ સાધ્વી સમુદાય

---

શ્રી પ્રેમ-ભુવનભાનુ સમુદાયના જૈન શાસન રત્ન
પૂજ્ય અનુયોગાચાર્ય શ્રી વીરરત્નવિજયજી મહારાજ સાહેબ,
પરમ તપસ્વી પૂજ્ય પન્યાસ પ્રવરશ્રી પદ્મભૂષણવિજયજી મ.સા.
વ્યાખ્યાનકાર મુનિરાજ શ્રી ઋષભચંદ્ર વિજયજી મહારાજ સાહેબ,
આદિ વિશાળ સાધુ-સાધ્વીજી સમુદાય
અને માળવા પ્રાંતમાં વિચરતા અન્ય પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો

# પરમાત્મા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવનો મંગલ કાર્યક્રમ

## જેઠ સુદ ૧૩, તારીખ : ૩૧-૫-૨૦૧૫, રવિવાર

**પ્રથમ દિવસ**

**કુંભ સ્થાપના :** શ્રી રમેશચંદ્ર જૈન પરિવાર - કર્નાદિવાળા, મક્ષી
**અખંડદીપ સ્થાપના :** શ્રી નરેન્દ્રકુમારજી જૈન પરિવાર, પેંચી
**અષ્ટમંગલ પાટલા પૂજન :** શ્રી સુરેશચંદ્ર ઈન્દરમલજી બોહરા પરિવાર, મક્ષી
**દશદિગ્પાલ પૂજન :** શ્રી ઈન્દરમલજી શાંતિલાલ બોહરા પરિવાર, મક્ષી
**નવગ્રહ પૂજન :** શ્રીમતી વિજયાબાઈ બદ્રીલાલજી શ્રીમાલ પરિવાર, મક્ષી
**નંદાવર્ત મહાપૂજન :** શ્રી જ્ઞાનંચદજી ગોલેછા પરિવાર, શાજાપુર, મક્ષી
**પ્રાતઃનવકારશી :** ડૉ. જી.સી.ઓસવાલ જૈન, સમસ્ત ઓસવાલ બમ પરિવાર
**પ્રાતઃસ્વામીવાત્સલ્ય :** શ્રી જ્ઞાનચંદજી ગોલેછા પરિવાર, શાજાપુર, મક્ષી
**સાંયઃસ્વામિવાત્સલ્ય :** શ્રી મદનલાલજી પરિવાર, ચારવા

## જેઠ સુદ ૧૪, તારીખ : ૧-૬-૨૦૧૫, સોમવાર

**દ્વિતીય દિવસ**

**શ્રી સિદ્ધચક્ર મહાપૂજન :** શેઠ શ્રી ચૌથમલજી નારેલિયા પરિવાર, શાજાપુર
**પ્રાતઃનવકારશી :** શ્રી વિજયાબાઈ બદ્રીલાલ શ્રીમાલ પરિવાર, મક્ષી
**પ્રાતઃસ્વામિવાત્સલ્ય :** શ્રી ધરમચંદજી શાંતિલાલજી સકલેચા પરિવાર, રતલામ
**સાંય સ્વામિવાત્સલ્ય :** શાંતિલાલજી જોધાવત પરિવાર, ઈન્દોર

## જેઠ સુદ ૧૫, તારીખ : ૨-૬-૨૦૧૫, મંગળવાર

**તૃતીય દિવસ**

**પ્રાતઃ નવકારશી :** શેઠશ્રી માંગીલાલજી રુણવાલ
**શ્રી માણિભદ્રવીર પૂજન :** શ્રીમતી લાલબાઈ મૂણત પરિવાર, મહિદપુર મક્ષી
**પ્રાતઃસ્વામિવાત્સલ્ય :** શેઠ શ્રી ચાંદમલજી ચોરડિયા પરિવાર (દાતાવાળા)
**સાંય સ્વામિવાત્સલ્ય :** શ્રી ભગવાનમલજી કટારીયા પરિવાર (દાતાવાળા)

## જેઠ વદ ૦૧, તારીખ : ૩-૬-૨૦૧૫, બુધવાર

**ચતુર્થ દિવસ**

**સવારે : પ્રભાવનાપૂર્ણ વરઘોડો :** શેઠ શ્રી શાંતિલાલજી, સકલેચા પરિવાર, રતલામ પાલી (રાજસ્થાન)
**બપોરે :** ૧૮ અભિષેક મહાપૂજન, અમૃતલાલ બોહરા પરિવાર, પાલી
**પ્રાતઃસ્વામિવાત્સલ્ય :** શેઠ શ્રી જેઠમલજી મુલચંદજી, નાબરિયા પરિવાર
**સાંય સ્વામિવાત્સલ્ય :** સ્વ. શ્રી મદનલાલજી શ્રીમાલ પરિવાર, મક્ષી

## જેઠ વદ ૦૨, તારીખ : ૪-૬-૨૦૧૫, ગુરુવાર

**પંચમ દિવસ**

સવારે : ૮-૩૦ વાગે "વામા માતાનો થાળ" ના રૂપે અદભૂત કાર્યક્રમ
શ્રીમતી ચમેલીબાઈ સાંચોર, મોતીલાલજી મૂણત પરિવાર, મહીદપુર
સવારે : ૧૦:૪૫ જિબિંબોને પ્રતિષ્ઠાપિત કરવારૂપ ઐતિહાસિક પ્રતિષ્ઠા ઉત્સવ,
બપોરે : શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજા : શેઠ શ્રી ટીકમચંદજી સરદારમલજી બુરડ પરિવાર
બપોરે : ફલે ચૂદડી-સ્વામીવાત્સલ્ય : શેઠ શ્રી સુગનચંદજી તારાચંદ દેવી
પુત્ર-રાજેશ, સૌ. ઉર્મિલા, સંજય, આનંદ, મિની, પુત્રી-બેલુ, પૌત્ર-અભિષેક, અરિહંત, બરડિયા પરિવાર, ચેન્નઈ

## જેઠ વદ ૦૩, તારીખ : ૫-૬-૨૦૧૫, શુક્રવાર

**છઠ્ઠમ્ દિવસ**

સવારે : પ્રાતઃનવકારશી, બપોરે સ્વામિવાત્લસ્ય તથા શ્રી સત્તરભેદી પૂજા
ઓમપ્રકાશજી નગજીરામજી પરિવાર, કોઠારી પરિવાર, શાજાપુર
શ્રીમતી કમલાબેન કાંસવા સમસ્ત કાંસવા પરિવાર, મક્ષી

## પ્રતિષ્ઠા મહોત્સવમાં લાભ લેનાર લાભાર્થી પરિવાર

### વિશિષ્ય સહયોગી / સહયોગી

૧. માતેશ્વરી રોશનબાઈ પુનમચંદજી કોઠારી પરિવાર, ઇન્દૌર
૨. કૈલાશ ચંદ્ર સાલેચા સમસ્ત સાલેચા પરિવાર
૩. શ્રી હિંમતલાલજી ઓધવજી ગાંધી, ઈન્દૌર
૪. શ્રીમતી શાંતાબેન વનમાળીદાસ શાહ (સાંતેજવાળા), અમદાવાદ

*મંદિર સજ્જા*

૧. શ્રીમાન દુલીચંદજી ગાદિયા પરિવાર (ઢાબલાવાળા), મક્ષી

*પાંચ દિવસીય ચા વ્યવસ્થા*

૧. શેઠ શ્રી ઈન્દરમલજી માનકુંવરબાઈ બોહરા પરિવાર, મક્ષી

*પાંચ દિવસીય છાશ વ્યવસ્થા*

૧. શ્રી હુકમચંદજી સાલેચા પરિવાર, મક્ષી

*'જય જિનેન્દ્ર'ના "લાભાર્થી"*

શ્રી ઈન્દરમલજી અમીચંદજી રાઠોડ પરિવાર : ઝાડોલી (રાજસ્થાન)

# મહોત્સવ પ્રસંગની એક ઝલક

- વીરમગામના શરણાઈ વાદક દ્વારા સુર સરિતા
- ભટિંડા (પંજાબ)ના બેન્ડ દ્વારા અજબ-ગજબના કરતબ,
- મક્ષીના સંગીત મ્યુઝિક બેન્ડ દ્વારા જૈન સ્તવનો સાથે સંગીતની રમઝટ
- પૂનાના કલાકાર દ્વારા જિનમંદિર ઉપાશ્રય-રથયાત્રામાં આકર્ષણ રંગોળીનું અદ્દભૂત પ્રદર્શન
- રતલામના સુપ્રસિદ્ધ રજત કેટરર્સ દ્વારા મહોત્સવના પાંચ દિવસ સુંદર-મધુર-રસવતી દ્વારા સ્વામીવાત્સલ્ય :
- પ્રાતઃ વહેલી સવારે મંગલ પ્રભાતિયા, દિવસે મહાપૂજન, સંધ્યાએ ચોવીશી ગાન, સાંજે આરતી મંગળદીવો, રાત્રે : ગીત-સંગીત સાથે પ્રભુભક્તિ
- કલાત્મક હજારો દીપકોની રોશની, રંગોળીના વિવિધરંગી મેઘધનુષ તથા ઉપાશ્રય-જિનમંદિરની અદ્દભૂત સજાવટ
- સમસ્ત તીર્થ સંકુલને લાઈટ-મંડપ-પ્રવેશદ્વાર-ધ્વજા પતાકા-રંગોળી તથા રોશનીથી શણગારવામાં આવશે.
- એક જ સંકુલમાં શિખરબદ્ધ ૩૬ જિનાલયોનું અદ્ભૂત દશ્ય જોવા મળશે.
- પ્રતિદિન પૂજ્ય ગુરુભગવંતોના પ્રેરણાદાયી પ્રવચન
- સુપ્રસિદ્ધ વિધિકારક - શ્રી જયંતિભાઈ અમૃતલાલ શાહ, શ્રી રત્નેશકુમાર મહેતા અને હેમંતકુમાર વેદમુથા દ્વારા પ્રતિષ્ઠા સંબંધી મંગલ વિધિ-વિધાન
- જાણીતા ગીતકાર-સંગીતકાર-નૃત્યકાર : શ્રી દેવેશકુમાર જૈન, (મોહનખેડા), શ્રી મેહુલકુમાર રૂપાડા, (જાલના), શ્રી શાંતિલાલ એન્ડ પાર્ટી, (મક્ષી) તથા નૃત્યકાર મોહનલાલ, (ઉદયપુર) દ્વારા પ્રભુભક્તિના વિવિધ કાર્યક્રમો પ્રસ્તુત કરવામાં આવશે.

# મક્ષીજી તીર્થમાં નવનિર્મિત દેવકુલિકાઓમાં પ્રતિષ્ઠાના લાભાર્થીઓ

| દેરી નં. | પ્રતિમાજીનું નામ | લાભાર્થીનું નામ |
|---|---|---|
| ૧. | શ્રી માણિભદ્રજી તથા શ્રી પાર્શ્વયક્ષ | શ્રી રતિલાલ મગનલાલજી નિલેશભાઈ પરિવાર, વ્યારા (ગુજરાત) |
| ૨. | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | શ્રી ઈન્દ્રમલજી અમીચંદજી રાઠોડ પરિવાર, પિંડવાડા (મુંબઈ) |
| ૩. | શ્રી આદેશ્વર ભગવાન | શ્રી માંગીલાલજી સા નવીનભાઈ મંગલદાસજી પરિવાર, ઈન્દૌર (મ.પ્ર.) |
| ૪. | શ્રી અજિતનાથ ભગવાન | ડૉ. શ્રી પારસજી મારુ પરિવાર, ઉજ્જૈન |
| ૫. | શ્રી સંભવનાથ ભગવાન | શ્રી સુરેશચંદ્રજી મારવાડી પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૬. | શ્રી અભિનંદનસ્વામી | શ્રી શારદાબેન ગાંડાલાલ શાહ પરિવાર, હ. હેમેન્દ્રભાઈ, અશ્વિનભાઈ, ઈન્દૌર |
| ૭. | શ્રી સુમતિનાથ ભગવાન | શ્રી દિનેશકુમાર કેસરીમલજી સાલેચા પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૮. | શ્રી પદ્મપ્રભ સ્વામી | શ્રી કૈલાશચંદ્રજી સાલેચા પરિવાર, ઈન્દૌર |
| ૯. | શ્રી સુપાર્શ્વનાથ ભગવાન | શ્રી મહેશકુમારજી રતનલાલજી વેદમુથા પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૧૦. | શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન | શ્રી ફતેહચંદજી બરડિયા પરિવાર, ચેન્નઈ |
| ૧૧. | શ્રી સુવિધિનાથ સ્વામી | શ્રી મહેન્દ્રકુમાર નરેન્દ્રકુમારજી કાન્તિલાલજી કટારિયા, શાજાપુર (મ.પ્ર.) |
| ૧૨. | શ્રી શીતલનાથ ભગવાન | શ્રી સંજયભાઈ સુરેન્દ્રકુમાર શાહ પરિવાર, અમદાવાદ (ગુજરાત) |
| ૧૩. | શ્રી શ્રેયાંસનાથ ભગવાન | શ્રી પુનિરકુમાર જી મનહરલાલજી પરિવાર, સુરત (ગુજરાત) |

| | | |
|---|---|---|
| ૧૪. | શ્રી વાસુપૂજ્ય સ્વામી | શ્રી પારસમલજી કોઠારી પરિવાર, ઈન્દૌર |
| ૧૫. | શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ | શ્રી ભુપેન્દ્રકુમારજી સુરેન્દ્રકુમારજી વેદમુથા પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૧૬. | શ્રી પાર્શ્વનાથ ભગવાન | શ્રી પ્રતાપચંદજી બરડિયા પરિવાર, ચેન્નઈ |
| ૧૭. | શ્રી આદિનાથ ભગવાન | શ્રી વિમલાબેન રમેશચન્દ્રજી જયચંદ શાહ હ. વિજયકુમાર પરેશ વ્યારા (ગુજરાત) |
| ૧૮. | શ્રી પાર્શ્વનાથ ભગવાન | શ્રી નેમિચંદજી રત્નેશકુમારજી મહેતા પરિવાર, ઈન્દ્રૌર (મ.પ્ર.) |
| ૧૯. | શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાન | શ્રી પ્રકાશચંદ્રજી એસ. છાજેડ પરિવાર, વ્યારા (ગુજરાત) |
| ૨૦. | શ્રી નેમિનાથ ભગવાન | શ્રી સુગનચંદજી બરડિયા પરિવાર, ચેન્નઈ |
| ૨૧. | શ્રી પાર્શ્વનાથ ભગવાન | શ્રી ઓમપ્રકાશ નગજીરામજી કોઠારી પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૨૨. | શ્રી વિમલનાથ ભગવાન | શ્રી ડૉ. અશોકકુમારજી ચોપડા પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૨૩. | શ્રી અનંતનાથ ભગવાન | શ્રી વિરેન્દ્રકુમારજી ઠાકુરિયા પરિવાર, ઇન્દૌર (મ.પ્ર.) |
| ૨૪. | શ્રી ધર્મનાથ ભગવાન | શ્રી સુગનચંદજી બરડિયા પરિવાર, ચેન્નઈ |
| ૨૫. | શ્રી શાંતિનાથ ભગવાન | શ્રી હેમંતકુમાર વેદમુથા પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૨૬. | શ્રી કુંથુનાથ ભગવાન | શ્રીમતી પુષ્પાબેન રાકેશકુમારજી પરિવાર, પાલી (રાજ.) |
| ૨૭. | શ્રી અરનાથ ભગવાન | શ્રી ભરતભાઈ શાહ પરિવાર, ઉજ્જૈન |
| ૨૮. | શ્રી મલ્લિનાથ ભગવાન | શ્રી નેમીચંદજી શાંતિલાલજી જીતેન્દ્રકુમાર કોઠારી પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૨૯. | શ્રી મુનિસુવ્રત સ્વામી | શ્રી અશોકજી વેદમુથા પરિવાર, શાજાપુર |

| | | |
|---|---|---|
| ૩૦. | શ્રી નમિનાથ ભગવાન | શ્રી મહેન્દ્રકુમારજી ચાંદમલજી બોહરા પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૩૧. | શ્રી નમિનાથ ભગવાન | શ્રી ચિંતનભાઈ ઝવેરી પરિવાર, મુંબઈ |
| ૩૨. | શ્રી પાર્શ્વનાથ ભગવાન | શ્રીમતી વિજયાબેન બદ્રીલાલ શ્રીમાલ પરિવાર, શાજાપુર (મ.પ્ર.) |
| ૩૩. | શ્રી મહાવીરસ્વામી ભગવાન | શ્રી બંટીભાઈ શાંતિલાલજી મદનલાલજી શાહ પરિવાર, વ્યારા (ગુજરાત) |
| ૩૪. | શ્રી ગૌતમસ્વામી ભગવાન | શ્રી નરબતચંદજી શેઠ પરિવાર, (મુંબઈ) |
| ૩૫. | શ્રી સીમંધર સ્વામી | શ્રી હિમ્મતભાઈ ગાંધી પરિવાર, ઈન્દૌર |
| ૩૬. | શ્રી ક્ષેત્રપાલ દાદા | શ્રી દિપકભાઈ ઈશ્વરલાલ શાહ પરિવાર, સુરત (ગુજરાત) |
| ૩૭. | શ્રી પાર્શ્વનાથ ભગવાન | શ્રી જશવંતલાલજી રાયચંદજી પરિવાર જોગાતર |
| ૩૮. | શ્રી પાર્શ્વનાથ ભગવાન | શ્રી હરચંદજી તેજમલજી પરિવાર જોગાતર |
| ૩૯. | શ્રી સિદ્ધચક્ર પટ | શ્રી ગમનલાલજી જીવાજી શાહ પરિવાર, વ્યારા (ગુજરાત) |

## પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રેમપૂર્ણ માર્ગદર્શન

# પરમપૂજ્ય અનુયોગાચાર્ય
# શ્રી વીરરત્નવિજયજી મ.સા.

મક્ષીજી તીર્થમાં નવનિર્મિત દેવકુલિકાઓની પૂરી નિર્માણ પ્રક્રિયા, લાભાર્થીઓને વિશેષ પ્રેરણા, મહોત્સવના આયોજનની સમગ્ર વ્યવસ્થા વગેરે તમામ કાર્યોમાં પૂજ્ય ઉપકારી ગુરુભગવંતના અપ્રતિમ યોગદાન માટે અમે નતમસ્તક થઈને કૃતજ્ઞતા ભાવ અર્પણ કરીએ છીએ શ્રદ્ધાવનત

**શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ, અમદાવાદ**

# પરમપાવન સમ્મેતશિખર યાત્રા પથના રસ્તાઓનું સમારકામ

વીશ તીર્થંકરોની પરમપાવન ભૂમિ સમ્મેતશૈલ (પારસનાથહિલ) ઉપર આવેલા ચૈત્યાલયો, જિનમંદિરો, ચરણપાદુકાની દેરીઓના દર્શન-પૂજન-વંદન માટે પ્રત્યેક જૈન ભારે ઉત્કંઠા અને ઉમળકો ધરાવે છે. પ્રતિ વર્ષ હજારોની સંખ્યામાં શ્રદ્ધાસંપન્ન સ્ત્રી-પુરુષો-બાળકો આ પાવન ભૂમિની સ્પર્શના કરવા ભારત અને વિશ્વના ખૂણે ખૂણેથી દોડી આવે છે ભક્તિભાવ અને પ્રગાઢ આસ્થા સાથે આ પર્વત પર ચઢે છે. છેલ્લાં કેટલાંક વખતથી રસ્તાઓની બિસ્માર હાલતના કારણે યાત્રિકો અનેક કઠિનાઈઓનો સામનો અનુભવી રહ્યા હતા. ખાસ કરીને પરમગુરુ શ્રી ગૌતમસ્વામીની ટૂકથી ભગવાન શ્રી ચંદ્રપ્રભસ્વામીની ટૂક. ત્યાંથી જળમંદિર જતા ખરાબ રસ્તાના કારણે યાત્રિકોને તકલીફ પડતી હતી. સમ્મેતશિખરના વિકાસ માટે અને સંરક્ષણ માટે સતત પ્રયત્નરત્ન **શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટએ** સંબંધિત રાજ્ય અધિકારીઓની સત્તાવાર મંજૂરી સાથે તા. ૦૯-૦૨-૨૦૧૫ થી રસ્તાઓના સમારકામની શરૂઆત કરી હતી.

લગભગ ૭૭૦૫ રનીંગફૂટ જેટલો યાત્રામાર્ગ તાત્કાલિક રિપેરીંગ માગે તેવો હતો. ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીની ટૂકથી ભગવાન શ્રી ચંદ્રપ્રભસ્વામીની ટૂક સુધીના માર્ગના રિપેરીંગ સાથે ચાલુ થયેલા આ કાર્યવાહીને તમામ યાત્રિકોએ વધાવી છે.


ભગવાન શ્રી ચંદ્રપ્રભ ટૂકના ૮૧૦ રનીંગ ફૂટના રસ્તાના સમારકામ સાથે ટૂક પર ચઢવાના પગથિયાને પણ સરખા કરવામાં આવ્યા છે. બીજી બાજુ ભગવાન શ્રી સંભવનાથ ટૂકથી ભગવાન શ્રી આદિનાથ ટૂક અને ભગવાન શ્રી શીતલનાથ, ભગવાન શ્રી અનંતનાથ ટૂક થઈને ભગવાન શ્રી ચંદ્રપ્રભની ટૂક સુધીના ૨૧૬૫ રનીંગફૂટના રસ્તાનું રિપેરીંગ થઈ જતા યાત્રિકોની યાત્રા સરળ બની છે. ભગવાન શ્રી સંભવનાથ ટૂકથી જલમંદિર અને ભગવાન શ્રી અભિનંદનસ્વામીની ટૂકનો રસ્તો પણ સારી રીતે રિપેર થઈ ગયો છે. આમ

રસ્તાઓનું રિપેરીંગ કામ પૂર્ણ થતા યાત્રિકોને ખૂબ શાતા રહેશે. પગપાળા ચાલતા અને ચઢતા યાત્રિકોને સગવડતા મળશે.

જલમંદિરના રંગકામની પ્રક્રિયાના પ્રારંભમાં શિખર, ઘૂમટ વગેરેની સાફ સફાઈનું કાર્ય તથા રંગકામ પણ ખૂબ જ સારી રીતે સંપન્ન થઈ ચૂક્યા છે, આનાથી જલમંદિરનો ભવ્ય દેખાવ અતિ આલ્હાદક અને જોતા જ આંખોને તથા અંતરને ઠારે તેવો થયો છે.

(શિખરજી તીર્થ ખાતેના પેઢીના પ્રતિનિધિઃ - બિનોદકુમારજી બાગચર તથા દીપક મિશ્રા દ્વારા મળેલી માહિતિ પર આધારિત)

## ૨૦ તીર્થંકર ભગવંતોની નિર્વાણભૂમિ સમ્મેતશિખરના પુનઃનિર્મિત થયેલા યાત્રાપથના રસ્તાઓના દૃશ્ય







# શેઠ આણંદજી કલ્યાણજી હસ્તક ચાલતા જીર્ણોદ્ધાર વગેરે કાર્યો

તા. ૧-૪-૨૦૧૪ થી ૩૧-૩-૨૦૧૫ સુધીના પૂરા થયેલા હિસાબી વર્ષમાં શેઠ આણંદજી કલ્યાણજીએ કુલે ૫૨ (બાવન) દેરાસરોના જીર્ણોદ્ધારનો લાભ લીધો હતો તથા ૧૭ જેટલા નવનિર્મિત જિનાલયોમાં લાભ લીધો હતો.

પેઢી હસ્તકના વહીવટવાળા તીર્થો જેવા કે પાલીતાણા, જૂનાગઢ, તારંગા, શેરિસા, કુંભારિયાજી, રાણકપુર તથા મૂછાળા મહાવીર તથા મક્ષીજી ખાતે વિવિધ નિર્માણ કાર્યો અને જીર્ણોદ્ધાર વગેરેની પ્રવૃત્તિઓ ચાલે છે.

પેઢીએ અમદાવાદ ખાતેના હઠીસિંહ ટ્રસ્ટ સંચાલિત શ્રી ધર્મનાથ સ્વામી જૈન દેરાસર, અચલગઢ (માઉન્ટઆબૂ) ખાતે શેઠ અચલસિંહ અમરશીની જૈન શ્વે. પેઢી તથા અમદાવાદના શાંતિનાથ જિનાલય ટ્રસ્ટ (સોદાગરની પોળ) ખાતેના દેરાસરોના જીર્ણોદ્ધારમાં લાભ લીધો છે.

## શ્રી શત્રુંજય મહાતીર્થ : (પાલીતાણા)

૧. શ્રી હેમાભાઈની ટૂંક મુખ્ય જિનાલય અને ભમતીમાં જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થયેલ છે.
૨. શ્રી પ્રેમચંદ મોદીની ટૂકમાં મુખ્ય જિનાલયનું મઠારકામ અને ફીનીશીંગ કામ પૂર્ણ થયેલ છે. ભમતીનું મઠારકામ અને ફીનીશીંગ કામ ચાલુ છે.
૩. શ્રી કુમારપાળ જિનાલયના જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થયેલ છે.
૪. શ્રી શાંતિનાથ ભગવાન જિનાલયના જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ થયેલ છે.
૫. બાલાભાઈની ટૂંકમાં ભમતીના જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.
૬. જય તળેટીના રંગમંડપની છત ઉપર કલાત્મક પેઇન્ટિંગનું કામ પૂર્ણ થયેલ છે.

૭. વેલબાઈ કોઠા વિસ્તારમાં મઠારકામ, ફીનીશીંગ કામ ચાલુ છે.

૮. નેમનાથની ચોરીમાં શિખર ઉપર મઠારકામ અને ફીનીશીંગ કામ ચાલુ છે.

૯. જશકુંવર જિનાલયનું પાંચમા શિખરી સુધીનું કામ થયેલ છે.

## ગિરનારજી

૧. જય તળેટીની નવ દેરી ઘડવાનું કામ ચાલી રહેલ છે.

૨. શ્રી દિક્ષા કલ્યાણકની દેરી અને શ્રી કેવળજ્ઞાન કલ્યાણકની દેરીના જિર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થયેલ છે.

૩. ગિરનારજી ઉપર શ્રી કુમારપાળ જિનાલય અને શ્રી સંગ્રામ સોની જિનાલયના જિર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

## કુંભારિયાજી

૧. શ્રી માણિભદ્રવીર દેરી અને શ્રી અંબિકાદેવીની દેરીનું નિર્માણ કાર્ય ચાલી રહેલ છે. છજ્જા સુધીનું કામ થયેલ છે.

## મૂછાળા મહાવીર

૧. ભમતીની દેરીઓ અને રંગમંડપના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહેલ છે.

## વિશિષ્ટ સહયોગ

૧. શ્રી જૈનશ્વેતાંબર સોસાયટી, સમ્મેત શિખર

૨. શ્રી શૌરીપુર જૈન તીર્થ ટ્રસ્ટ, શૌરીપુર

૩. શ્રી હઠીસીંહ કેસરીસિંહ ટ્રસ્ટ, અમદાવાદ

૪. શ્રી ઉમતા જૈન શ્વે.મૂ.પૂ. સંઘ-ઉમતા

આ સંઘોને જીર્ણોદ્ધાર માટે શેઠ આણંદજી કલ્યાણજી તરફથી વિશિષ્ટ સહયોગ આપવામાં આવ્યો હતો.

# તીર્થોના સંક્ષિપ્ત સમાચાર

**શાશ્વતગિરિ શત્રુંજય :** છેલ્લા ત્રણ મહિના દરમિયાન (ફેબ્રુઆરીથી એપ્રિલ-૨૦૧૫) શાશ્વત તિર્થાધિરાજ શત્રુંજયની યાત્રાર્થે એક લાખ અડસઠ હજાર જેટલા ભાઈ-બહેનો પધાર્યા હતા. ૨૫ જેટલા આચાર્ય ભગવંતો તથા ૨૦૦ થી વધારે પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો આ તીર્થની સ્પર્શના કરીને ધન્ય બન્યા હતા. આ દરમ્યાન ૧૮ છરીપાલિત સંઘો આ ભૂમિને ભેટવા દૂર દૂરથી અહીં આવ્યા હતા. શત્રુંજયની ૯૯ યાત્રા કરીને ૧૩૦૦ જેટલા ભાગ્યશાળીઓ ધન્ય બની ગયા હતા.

ફાગણ વદ ૬-૭-૮ તા. ૧૨-૧૩-૧૪ માર્ચ-૨૦૧૫ આ ત્રણ દિવસોમાં ત્રિદિવસીય ભક્તિ મહોત્સવ સહિત ગિરિરાજ ઉપર રહેલા જિનપ્રતિમાજી તથા ચરણપાદુકાઓના ૧૮ અભિષેકનું ભવ્ય આયોજન રાખવામાં આવ્યું હતું. જેના લાભાર્થી હતા પ.પૂ. આચાર્ય શ્રી વિજય અશોકસૂરિ દાદા પરિવારના

(૧) શ્રીમતી ચંપાબેન મનસુખલાલ હેમચંદ સંઘવી પરિવાર

(૨) અ.સૌ. માયાબેન શાંતિલાલ મોહનલાલ દોશી પરિવાર

(૩) શ્રીમતી નલિનીબેન શાંતિચંદ બાલુભાઈ જવેરી પરિવાર.

હજારોની સંખ્યામાં ભાવુક ભક્તોએ ખૂબ જ શિસ્ત અને અનુશાસનબદ્ધ રીતે આ મહોત્સવમાં ભાગ લીધો હતો.

**ગઢ ગિરનારે નેમિનાથના દરબારમાં :** ગિરનાર મહાતીર્થની યાત્રાર્થે આવનાર યાત્રિક મહાનુભાવોની સંખ્યા ૩૧૦૦૦ જેટલી હતી. ૫૩૩ પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતો ગરવાગઢ ગિરનાર પર ૨૨માં તીર્થંકર નેમિનાથના ૩ કલ્યાણકોની ભૂમિને ભેટવા પધાર્યા હતા.

ગિરનાર મહાતીર્થની પાવનકારી ભૂમિ ઉપર નેમનાથ દાદાની છત્રછાયામાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી અભયશેખરસૂરિજી મહારાજ સાહેબ આદિ મુનિ ભગવંતોના સાનિધ્યમાં ગિરનાર ભક્ત તરીકે આદરભર્યું

સ્થાન પામનારા શ્રી હિતેશભાઈ (બચુભાઈ) કાનજીભાઈ મહેતા (વર્તમાનમાં : હેમશેખર વિજયજી મહારાજ સાહેબ), રોમિલભાઈ (વર્તમાનમાં : પૂ. હ્રીંશેખર વિજયજી મહારાજ સાહેબ), આર્જવભાઈ (વર્તમાનમાં : પૂ. ઋજુશેખર વિજયજી મહારાજ સાહેબ)ની ભાગવતી દીક્ષા ગ્રહણનું ભાવભર્યું આયોજન થયું હતું. આ પ્રસંગે બચુભાઈ મહેતાના કલ્યાણ મિત્રોનાં બનેલ સમકિત ગ્રુપના યુવાનોએ ગિરનાર તીર્થ વિકાસ માટેની અનેકવિધ યોજનાઓમાં લાભ લીધા હતા.

**રાણકપુરના આદિનાથના ચરણોમાં :** રાજસ્થાનની ભૂમિના ભાતીગળ શણગારરૂપ શ્રી રાણકપુર મહાતીર્થની યાત્રાર્થે પધારેલા મહાનુભાવોની સંખ્યા એક લાખ બ્યાંશી હજાર છસો એંશી (૧૮૨૬૮૦)જેટલી હતી.

૩ આચાર્ય ભગવંતો અને ૬૮ પૂજ્ય સાધુ-સાધ્વીજીના પગલા આ તીર્થભૂમિ ઉપર થયા હતા... જાણે જંગમ તીર્થ અને સ્થાવર તીર્થનો મનોહારી મેળાપ ! ૧૫ સંઘો આ તીર્થની યાત્રાએ આવ્યા હતા. ૧૫ ભાઈ બહેનો વરસીતપના પારણા પણ આયોજિત થયા હતા.

**શેરિસા મહાતીર્થ** કે જે અમદાવાદથી નજદીક છે અને શેરિસા પાર્શ્વનાથના અપૂર્વ મહિમાના કારણે પ્રભાવક બન્યું છે એની યાત્રા કરવા માટે પધારેલા મહાનુભાવોની સંખ્યા ૨૬૫૯ હતી જ્યારે ૬૫૮ જેટલા શ્રમણ-શ્રમણી ભગવંતો આ તીર્થ અને તીર્થાધિપતિના પાવન ચરણોને ભેટવા પધાર્યા હતા. ૧૨ આચાર્ય ભગવંતો અહી પધાર્યા હતા. વાહનો દ્વારા ૯ તથા ૨ છરી પાલિત સંઘોના આગમનથી શેરીસા તીર્થનો વિશાળ ચોક પણ પ્રસંગો સાંકડો ભાસતો હતો.

**ઉંચા ઉંચા તારંગાની ટોચે :** તારણગિરિ તારંગાની તારક(સંસાર સમુદ્ર માટે) મારક(મોહાસક્તિ માટે) અને વારક(વૈર વિરોધની વાસના માટે) ભૂમિની સ્પર્શના કરવા ૨૧ હજાર જેટલા યાત્રિક ભાઈ-બહેનો, ૨૭૫ જેટલા પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો, ૭ આચાર્ય ભગવંતો વગેરે પધાર્યા

હતા. ૩૦ જેટલા વિદેશી પર્યટકો તારંગાના કલા અને શિલ્પ મઢ્યા દેરાસરને જોવા પહોંચ્યા હતા. ગુજરાતની સ્કૂલોના બાળકો પણ મોટી સંખ્યામાં તારંગા પર્યટન માટે આવતા હોવાથી અચૂક અજિતનાથ દાદાને જોવા ઝૂકવા અને વાંદવા આવતા હોય છે !

હાલમાં જ અહી પૂજ્ય ધ્યાનલીન અધ્યાત્મના અલગારી યોગી જેવા આચાર્ય ભગવંત યશોવિજયસૂરિજી મહારાજની પાવનકારી નિશ્રામાં નવપદ ઓળીની આરાધનાના પ્રસંગે સેંકડો સાધકો નવપદની જ્ઞાન-ધ્યાન અને ભક્તિ ભરી યાત્રામાં નવ દિવસ સુધી મસ્ત બનીને બહિર્ભાવથી મુક્ત બનીને રહ્યા હતા.

**માળવાનું મોહક મક્ષીતીર્થ :** માલવ ભૂમિના માન-સન્માન અને ગૌરવરૂપ શ્રી મક્ષીતીર્થની યાત્રાર્થે આવેલા મહાનુભાવોની સંખ્યા ૧૮૬૮૦ જેટલી રહી હતી. ૧૮ સાધુ-સાધ્વીજી ભગવંતો મક્ષી પાર્શ્વનાથનો મહિમા માણવા પધાર્યા હતા. જ્યારે ૧૭ જેટલા સંઘો વાહન દ્વારા દર્શન-પૂજન-ભક્તિ માટે દુનિયાદારીથી અલગ થઈને અહી આવી પહોંચ્યા હતા.

## વરસીતપના પારણા

ચાલુ વરસે અક્ષયતૃતીયાના દિવસે તા. ૨૧-૦૪-૨૦૧૫ ના રોજ પાલિતાણા તીર્થ ખાતે દાદાના દર્શન-પૂજન-સ્તવન કરીને તળેટી ખાતે પારણા-ભવન-મંડપના વિશાળ પ્રાંગણમાં પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી જિનચંદ્રસાગરજી મહારાજ સાહેબ, આચાર્ય ભગવંત શ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ વગેરે આચાર્ય ભગવંતો, પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોની પાવનનિશ્રામાં ૬૦૦ જેટલા વરસીતપના તપસ્વીઓને ઈક્ષુરસના પાન દ્વારા પારણા કરાવવાનો લાભ મદ્રાસના ઉદારમાન શ્રીમતી મનોરીબાઈ કંવરલાલજી વૈદ (હસ્તે : વિજયરાજજી તથા પારસમલજી) ફલોદી રાજસ્થાન વાળા હાલ : ચેન્નઈ એ લીધો હતો. આ પ્રસંગે ૩ દિવસના સ્વામિવાત્સલ્યનું આયોજન કરવામાં આવ્યું હતું.

# મક્ષી તીર્થના નિર્માતા સંગ્રામ સોની

**"સંગ્રામ સોની"** આ નામ જૈન ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે. દેશ ભક્તિ, રાજ્યનિષ્ઠા, લોક સેવા, સાધર્મિક ભક્તિ, શ્રુત ભક્તિ અને જિન ભક્તિ તથા ગુરુ ઉપાસના અંગે જ્યારે પણ વાત નીકળે છે ત્યારે અનેક નામો વચ્ચે એક નામ ઉજ્જવળ નક્ષત્રની જેમ ઉભરાય છે અને એ નામ છે સંગ્રામ સોનીનું !

સંગ્રામ સોનીના પૂર્વજોમાં સાંગણ સોનીનું નામ પ્રાપ્ત થાય છે, એઓ ખંભાતના વતની તથા ઓશવાળ વંશના શિરોમણી શ્રાવક તરીકે પ્રખ્યાત હતા. ૧૪મી સદીના આરંભમાં ખંભાત જ્યારે જૈન પરંપરાનું સમૃદ્ધ કેન્દ્ર બની ચૂક્યું હતું. ત્યારે ત્યાં એ સમયના સમર્થ જૈનાચાર્ય દેવેન્દ્રસૂરિ અને આ. વિજયચંદ્રસૂરિ વચ્ચે કેટલીક સૈદ્ધાંતિક વાતોને લઈને મતભેદ જન્મ્યા હતા. મતભેદ વધતાં સાંગણ શેઠે "આ બંનેની શ્રમણ શાખાઓમાં કઈ સાચી અને સાર્થક છે ?" આ વાતને લીધે એમના મનમાં ગૂંચવાડો ઉભો થયો અને ઉકેલ માટે એમણે અઠ્ઠમ તપ કરીને અધિષ્ઠાયક દેવના જાપ અને ધ્યાન કર્યું. શાસનદેવે પ્રગટ થઈને કહ્યું કે 'હે સાંગણ ! આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજી વર્તમાન યુગના સમર્થ અને ઉત્તમ શ્રમણ મહાત્મા છે. એમનો ગચ્છ-એમની પરંપરા ઘણા લાંબા સમય સુધી ચાલવાની છે. માટે તમે સહુ એમની સેવા ઉપાસના કરજો."

સાગણે આ સાંભળીને પ્રસન્નતા વ્યક્ત કરી. એ તથા એનો પરિવાર, એના સ્વજનો બધા આચાર્યશ્રી દેવેન્દ્રસૂરિજીની સેવામાં સમર્પિત થઈ ગયા ! એમના રહેવા માટે વસતિને સ્થાન આપ્યા. શ્રમણ આચારને અનુકૂળ સગવડતાઓ પ્રદાન કરી. ત્યારથી આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજીની પાટપરંપરા 'તપગચ્છની નાની પોશાળ' ના નામે જાણીતી થઈ. આ અંગે ગુર્વાવલિના શ્લોકો ૧૩૮-૧૩૯માં જાણવા મળે છે.

સોની સાંગણ યશસ્વી હતો. સંપન્ન હતો અને તીક્ષ્ણ બુદ્ધિનો માલિક હતો. કેટલાક કારણોસર વિ.સં. ૧૩૫૪ ઈસ્વીસન ૧૨૯૮ આસપાસ સાંગણના ખંભાતની ધરતી સાથેના અંજળ પાણી ખૂટ્યા અને એ

સપરિવાર સ્થળાંતરિત થઈને માળવા રાજ્યના ત્યારના પાટનગર જેવા શહેર માંડવગઢમાં આવીને વસ્યા. એ વખતે દિલ્હીમાં અલ્લાઉદ્દીન ખિલજીનું રાજ્ય હતું.

પછીથી માંડવમાં બીજા પણ અનેક સોની પરિવારો આવીને વસ્યા. એ પરિવારના લોકોએ જાત મહેનત અને ભાગ્યનો સહારો મેળવીને શ્રી સંપત્તિ અને નામના તો પ્રાપ્ત કરી જ સાથે સાથે રાજ્યસત્તામાં પણ મહત્ત્વના સ્થાને પહોંચ્યા. રાજાઓ સાથેના એમના મજબૂત સંબંધોના કારણે સમાજ-સંસ્કૃતિ અને ધર્મને કેટલેક અંશે સુરક્ષા પ્રાપ્ત થઈ, અને પ્રગતિ માટેના સંસાધનો પણ મળી આવ્યા. પછી તો અનેક સોની પરિવાર ગુજરાતના જુદા જુદા સ્થળોએથી આવીને માંડવગઢમાં વસવા લાગ્યા. વિ.સં. ૧૫૪૩ સુધી માંડવગઢમાં અનેક પ્રતિષ્ઠિત સોની પરિવાર વસ્યા હોવાનો ઉલ્લેખ મળે છે જેમાં સોની માંડણ, સોની નાગરાજ, સોની વર્ધમાન, સોની પાસદત્ત, સોની જિનદાસ વગેરેના નામો મુખ્ય છે. કદાચ એ વખતે માળવાનું માંડવ વેપારનું મુખ્ય કેન્દ્ર બની ગયું હશે.

આજ સાંગણ સોનીની પરંપરામાં નરદેવ (નારિયા) નામનો યશસ્વી પુરૂષ અવતર્યો. એની સોનઈ નામની પત્ની હતી. માંડવના બાદશાહ હુસેનસંગના દરબારમાં એનું ભારે માન-સન્માન હતું. એ દાની-ઉદાર અને કીર્તિમાન હતો. ચારે બાજુ એની પ્રશંસા થતી હતી. એણે માંડવમાં એક સત્રાગાર બનાવ્યું હતું. જ્યાં આવનાર તમામ આગંતુકોને જાત જાતની અને ભાત ભાતની વસ્તુઓ પ્રદાન કરવામાં આવતી હતી. એના સંબંધમાં એક ઉલ્લેખ મળે છે : ખંભાતના રહેવાવાળા સોની નારિયાના પુત્ર પદ્મસિંહની પત્ની આલ્હણ દેવીએ વિ.સં. ૧૪૩૮ ઈસ્વી. ૧૩૮૨માં ભાદરવા સુદ ૭ ના દિવસે તપાગચ્છના આચાર્ય દેવેન્દ્રસૂરિજી એમના પટ્ટધર, આચાર્ય સોમસુંદરસૂરિજી, આચાર્ય મુનિસુંદરસૂરિજી, આચાર્ય જયચંદ્રસૂરિજી, આચાર્ય ભુવનસુંદરસૂરિજીના ઉપદેશથી જીરાવલા પાર્શ્વનાથ ભગવાનના જિનપ્રસાદની (શૃંગાર) ચોકી ઉપર શિખર બનાવડાવવ્યું હતું.

એનો જ એક પુત્ર હતો સંગ્રામસિંહ ! ઇતિહાસમાં એ સંગ્રામસોનીના નામે જાણીતો થયો. થોડા સમય માટે એ વ્યાપાર અથવા પારિવારિક

કારણોસર ગુજરાત રાજ્યના તત્કાલીન વઢિયાર પ્રાન્તના લોલાડા (વર્તમાનમાં સુપ્રસિદ્ધ શંખેશ્વર મહાતીર્થની પાસેનું નાનું ગામ) માં જઈને વસ્યો પણ પછીથી ત્યાંથી નીકળીને એ માંડવગઢમાં આવીને રહ્યો એ સમયે માંડવમાં મહમૂદ ખિલજીનું શાસન હતું. સંગ્રામ સોનીએ બાદશાહની અંતરંગ પર્ષદામાં પોતાનું આગવું સ્થાન ઉભું કર્યું હતું. આના અંગેની એક રોચક કથા આ રીતે મળે છે.

ગુજરાતના વઢિયાર પ્રાન્તના લોલાડા ગામથી નિકળીને સંગ્રામસિંહ સોની પોતાના માતા દેવા, પત્ની તેજા અને પુત્રી હાંસી સાથે માંડવગઢ ગયો. જ્યારે એ માંડવ પહોંચ્યો ત્યારે નગરમાં પ્રવેશ કરવા જતો હતો ત્યાં એક વિચિત્ર ઘટના બની. એણે જોયું કે એક સર્પના ફેલાયેલા ફણ ઉપર દુર્ગા પક્ષી આવીને બેઠું હતું અને કલરવ મચાવીને આનંદ વ્યક્ત કરી રહ્યું હતું. સંગ્રામ આવા શુકન જોઈને જરાવાર ખચકાયો ત્યાંજ ત્યાંથી પસાર થતા એક જાણકાર માણસે કહ્યું : શેઠ આરામથી નિશ્ચિંત થઈને નગરમાં પ્રવેશ કરો ! આવા શુકન તો ભાગ્યશાળીને જ મળે છે અને ચોક્કસપણે ફળે છે. આવા શુકન લઈને નગરમાં પ્રવેશ કરનાર વ્યક્તિ અઢળકસંપત્તિ રળે છે અને સંગ્રામ સોનીએ પોતાના વડીલોની પુણ્ય ધરા ઉપર પગ મૂક્યો પછી તો એણે ક્યારેય પાછું વાળીને જોયું જ નહિ ! વેપારમાં પોતાની શાખ વધારવાની સાથે ધનસંપત્તિ પણ અઢળક ભેગી કરી.

એકવાર બાદશાહ ગિયાસુદ્દીન ઉનાળાના દિવસોમાં ગામ બહાર બગીચામાં ફરવા માટે ગયા અને એક વિશાળ ઘટાદાર આંબાના વૃક્ષ નીચે જઈને બેઠો. ત્યારે માળીએ આવીને કહ્યું કે "જહાંપનાહ, આ આંબો તો વાંઝિયો છે ! આના ઉપર ફળો આવતા નથી." બાદશાહ અકળાઈ ઉઠ્યો એણે તાબડતોડ માળીને હુકમ કર્યો : આ આંબાને કાપીને ફેંકી દેજે ! વાંઝિયા આંબાની કંઈ આવશ્યકતા નથી ! સંગ્રામસિંહ સોની ત્યાં હાજર હતો. એણે હાથ જોડીને બાદશાહને અરજ કરી. "બાદશાહ સલામત, આ આંબો તો ઉગ્યો ત્યારથી વાંઝિયો છે. આપ આને મને આપી દો. આને કપાવો નહિ. આના ઉપર રહેમ કરો. આપ હજુરની મહેરબાની થશે અને અલ્લાતાલાની રહેમ રહેશે તો આ આંબો બચી જશે. એટલું જ નહિ પણ

આવનાર મોસમમાં આના ઉપર કેરીઓ પણ આવશે ! આટલી રહેમ કરો જહાંપનાહ !"

બાદશાહે ભડકીને કહ્યું : જો આવનારા મોસમમાં આના ઉપર કેરીઓ ના બેસી તો જે હાલ હું આ ઝાડના કરવાનો હતો, એવા હાલ તારા થઈ જશે ! સોનીએ માથું નમાવી પ્રમાણ કરતા બાદશાહ સલામતની વાતનો સ્વીકાર કર્યો.

સંગ્રામસિંહ દયાળું હતો. ધર્મની પરંપરામાં પૂરેપૂરી આસ્થા રાખનારો હતી. ધર્મના પ્રભાવથી એ પરિચિત હતો. એણે આંબાના વૃક્ષ નીચે ભગવાનની મૂર્તિ બિરાજમાન કરી અને સ્નાત્રપૂજા ભણાવી ચંદન-ધૂપ-તેલ ફળ વગેરે અર્પણ કરીને વૃક્ષની પૂજા કરી. આના લીધે એ વૃક્ષનો અધિષ્ઠાયક દેવ જાગૃત થયો અને સંગ્રામસિંહ પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરતા બોલ્યો : આ આંબો ગયા જન્મમાં પણ વાંઝિયો હતો અને આ જન્મમાં પણ છે. પણ એને અભયદાન આપ્યું છે. બાદશાહ પાસેથી આના પ્રાણ બચાવ્યા છે. માટે હું તારા ઉપર અત્યંત પ્રસન્ન છું. આ વૃક્ષના મૂળ પાસે ઘણું બધું ધન ભેગું થયેલું પડ્યું છે. એ બધું તું લઈ લે ! એ તારા ભાગ્યનું જ છે. હવે આ વૃક્ષ વાંઝિયું રહેશે નહીં !

સંગ્રામ સોનીએ વૃક્ષ નીચેથી સાવચેતી પૂર્વક ધન કાઢ્યું અને પોતાની હવેલીએ લઈ ગયો ! કુદરતની કારીગરી કારગર નીવડી અને ઉનાળો આવતા આવતા તો એ વાંઝિયા મનાતા આંબા ઉપર કેરીઓ ઉગી આવી આખું વૃક્ષ ફળોથી ભરાવા માડ્યું ! ડાળીઓ લચી પડી ! સંગ્રામે પાકેલી કેરીઓ ઉતારી અને ચાંદીના થાળમાં વ્યવસ્થિત ગોઠવીને એના પર સુંદર રૂમાલ ઓઢાડ્યો અને પછી સોહાગણ સ્ત્રીના માથે ઈંઢોણી પર એ થાળ મૂકાવીને વાજતે ગાજતે બાદશાહ પાસે લઈ ગયો. બાદશાહને ભેંટણા રૂપે પેશ કરતા થાળ મૂક્યો અને બહુજ નમ્રતાથી કહ્યું કે, "જહાંપનાહ, આ કેરીઓ એ જ વાંઝિયા આંબા ઉપર આવી છે.' બાદશાહ તો અત્યંત ખુશ થઈ ઉઠ્યો ! એણે સંગ્રામ સોનીને પાંચ કીમતી વસ્ત્રો ભેટ રૂપે આપ્યા અને પોતાના મહેલનું કારભારી પણું આપ્યું. બાદશાહે એને નગદ-ઉલ-મુલ્કની પદવી પણ આપી સાથે જગતવિશ્રામ એવું બિરૂદ પણ આપ્યું. શ્રી અને

સરસ્વતી સાથે એના ઉપર સત્તાદેવીની કૃપા પણ અનરાધાર વરસી ! એ સ્વયં તપગચ્છની વૃદ્ધ પોશાળના આચાર્ય રત્નસિંહસૂરિજીના પટ્ટધર અને ૫૭માં ભટ્ટારક આચાર્ય ઉદયવલ્લભસૂરિનો શ્રાવક હતો.

તેણે વિ.સં. ૧૫૧૮ ઇસ્વી ૧૪૬૨ના જેઠ સુદિ ૧૫ને ગુરુવારે ભગવાન અજિતનાથની પરિકરવાળી જિનપ્રતિમા ભરાવી અને તપાગચ્છના આચાર્ય શ્રી રત્નસિંહસૂરિના પટ્ટધર ૫૭મા આચાર્ય શ્રી ઉદયવલ્લભસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. ભગવાન અજિતનાથની પ્રતિમા નીચે વસ્ત્રપટ્ટ છે અને તેની નીચે 'સો.સંગ્રામ' નામ કોતરેલું છે. મૂળનાયકની બંને બાજુએ ભગવાન અજિતનાથની પ્રતિમાઓ છે.

ઉજ્જૈનમાં દેરા ખડકી મહોલ્લામાં ભગવાન ચંદ્રપ્રભુનું શ્વેતાંબર જૈન મંદિર છે. તેમાં ભગવાન અજિતનાથની શ્વેત રંગની પાષાણ પ્રતિમા બિરાજમાન છે તેની ગાદીમાં પાછલા ભાગમાં ઉપરના આશયનો આલેખ છે.

સોની સંગ્રામસિંહને શ્રુત પ્રત્યે અગાધ ભક્તિ હતી. એ યુગના પ્રૌઢ પ્રતિભાશાળી અને મહાન પ્રભાવક, તપગચ્છ ગગનમાં સૂર્ય સમાન આચાર્ય ભગવંત સોમસુંદરસૂરિજી પ્રત્યે પ્રગાઢ આસ્થા સાથે આચાર્ય ભગવંતની આજ્ઞાપાલનને એ પોતાના જીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય માનતો હતો. વિ.સં. ૧૪૭૦ ઈસ્વી ૧૪૧૪માં એણે આચાર્ય ભગવંત સોમસુંદરસૂરિજીને વિશાલ શિષ્ય પરિવાર સાથે માંડવગઢમાં પધરાવી ચોમાસું કરાવ્યું હતું. અને તેમના શ્રીમુખે પરમ પાવન આગમ ભગવતીસૂત્રનું ભક્તિભાવ પૂર્વક શ્રવણ કર્યું. આ સૂત્રમાં ભગવાન મહાવીરના શ્રીમુખે કુલ ૩૬ હજાર વખત **ગોયમા** શબ્દ આવે છે. આ ગોયમા શબ્દ કાને પડતા પ્રત્યેક વેળા 'ગોયમા' શબ્દ દીઠ એક સોનામહોર મૂકીને સંગ્રામે પોતાની ભક્તિ વ્યક્ત કરી. એની માતા દેવાએ ગોયમા શબ્દ દીઠ અડધી સોના મહોર અર્પણ કરી. જ્યારે એની પત્ની તેજાએ પા-પા સોનામહોર મૂકીને શ્રુત પ્રત્યે પોતાની ભક્તિ વ્યક્ત કરી હતી. એમ ત્રણેય મળીને ૩૬ + ૧૮ + ૯ કુલ ૬૩૦૦૦ સોનામહોરો મૂકી હતી.

સોનીએ આ રકમ આચાર્ય શ્રીના ચરણમાં લાવી મૂકી. એટલે આચાર્યશ્રી એ 'સાધુ પરિગ્રહ રાખે નહિ' એમ કહી સોનીને આગમ ગ્રંથો

લખાવવાનો ઉપદેશ આપ્યો. આથી તેણે સંવત ૧૪૭૧માં આ ધન વાપરી, સોના રૂપાની શાહીથી ૧ સચિત્ર-કલ્પસૂત્ર તથા કાલિકાચાર્યકથાની ઘણી પ્રતો લખાવી હતી. તેની એકેક પ્રતિ આચાર્ય મહારાજની સાથેના દરેક મુનિવરોને વહોરાવી અને ઘણી પ્રતિઓ જુદા જુદા શ્રી સંઘોના ગ્રંથભંડારોમાં મૂકારવી.

સોની સંગ્રામસિંહ ધનવાન અને ઉદાર મનનો હતો સાથે જ જ્ઞાની પણ હતો, વિદ્વાન અને યુદ્ધભૂમિ ઉપર અજેય હતો. માળવાના બાદશાહ મેહમૂદે જ્યારે દક્ષિણના બાદશાહ નિઝામ શાહને જીતવા માટે વિ. સં. ૧૫૨૦માં ચૈત્ર સુદ ૬ શુક્રવારના દિવસે માંડવથી પ્રાયણ કર્યું ત્યારે સોની સંગ્રામ પણ એમની સાથે ગયો હતો. વિજય પ્રાપ્ત કરીને જ્યારે બાદશાહ પાછો વળતો હતો ત્યારે ગોદાવરીના કિનારે પ્રતિષ્ઠાનપુર (પૈઠણ)માં આવ્યો. કવિ સંગ્રામ સોનીએ ત્યાના જિનપ્રાસાદમાં જિનેશ્વર દેવના દર્શન કરીને 'બુદ્ધિસાગર' નામના સંસ્કૃત ભાષાના કાવ્ય ગ્રંથની રચના કરી હતી. આ ગ્રંથના ૪ તરંગ (વિભાગ) અને કુલ ૪૧૧ શ્લોકની રચના હતી.જેમાં ૧. ધર્મશુદ્ધિ તરંગ ૨. નયન તરંગ ૩. વ્યવહાર તરંગ ૪. પ્રકીર્ણક તરંગના માધ્યમથી નીચેના વિષયો પર સુંદર રચના કરી છે.

પ્રથમ **ધર્મશુદ્ધિ** તરંગમાં : ધર્મ, દયા, સત્ય, અસ્તેય, પરસ્રી ત્યાગ, પરિગ્રહ, ગૃહી, બ્રહ્મચારી, સુસાધુ, ઇન્દ્રિયજય, ગુરુ, ઉપાસક શિષ્ય, માતા પિતાની આજ્ઞા, કવિવાણી વગેરેનું વર્ણન કર્યું છે.

બીજા **નયન તરંગ**માં સ્વદેશી કવિઓની પ્રશંસા, રાજચર્યા, રાણી, કુમાર, મંત્રી, અધિકારી, પૂજા, સેવક, બધાને ઉપદેશ, અશ્વલક્ષણ, ગજલક્ષણ વગેરે વિષયો પર રચના છે.

**ત્રીજા વ્યવહાર તરંગ** - વિશ્વાસ, ધનપ્રશંસા, શયન, સ્રીઅવિશ્વાસ, સ્રી-પ્રશંસા, વાસ્તુલક્ષણ, વ્યહારની વાતોની જાણકારી છે.

**ચોથા પ્રકીર્ણક તરંગ** - દેહરક્ષા, વૈદ્યસાગર, ગર્ભમાં દેહરચના, છ ઋતુની ચર્યા, ઉષાપાન, હરડેનું મહત્ત્વ, પાણીના ત્રણ પ્રયોગ, જ્યોતિષાસાર, શુકુનસાર, સામુદ્રિક સાર, સ્રી સામુદ્રિક, રત્ન, મોતી, પદ્મરાગ, નાગમણિની

પરીક્ષા, વૈરાગ્ય, ચાર રીતના ધ્યાન, ચાર યોગ, નવ ચક્ર, કુંડળી, હઠયોગ, યમનિયમ વગેરે વિષયોની વધારે જાણકારી સાથે ગ્રંથ સમાપ્તિમાં સોનીવંશની પ્રશસ્તિ, ગ્રંથની પ્રશસ્તિ વગેરે કરીને ગ્રંથની પૂર્ણાહૂતી કરી છે. આમ સંગ્રામસોની બારવ્રતધારી શ્રાવક હતા. સચરિત્રવાન પુરૂષ હતા. એ કવિકલ્પતરૂ પણ હતા. કવિત્વનું પણ સંપૂર્ણ જ્ઞાન હતું.

સંગ્રામસોનીએ વિ.સં. ૧૫૨૮, ઈસ્વી ૧૪૭૨માં માંડવગઢમાં પાર્શ્વનાથ ભગવાનને સમર્પિત ભવ્ય જિનપ્રાસાદનું નિર્માણ કરાવ્યું હતું. (આજે પણ 'માંડવગઢનો રાજિયો, નામે દેવ સુપાસ' આ પંક્તિ ચૈત્યવંદન વખતે અનેકના મોંઢે આવી જતી હોય છે.)

મક્ષી મહાતીર્થમાં સંગ્રામસોનીએ પાર્શ્વનાથ ભગવાનનું સુંદર અને મનોહારી જિનાલય બનાવ્યું હતું. મક્ષીતીર્થના પ્રતિષ્ઠા દિવસ તરીકે વિ.સં. ૧૫૧૮, જેઠ સુદ ૧૫, ગુરુવાર પ્રસિદ્ધ છે. અત્યારે પણ મક્ષી તીર્થની વરસગાંઠ એ જ દિવસે મનાય છે.

આ ઉપરાંત ભેઈ, મંદસૌર, બ્રહ્મમંડલ, સામલિયા (સેમલિયા ?) ધાર, નગર, ખેડી, ચંડાવલી વગેરે ૧૭ જગ્યાએ નાના મોટા જિનાલયો નિર્મિત કરીને અનેક પ્રકારના ધર્મકાર્યો સંગ્રામસોની એ કર્યા હતા.

અનેક ગ્રંથોમાં અનેક આચાર્ય ભગવંતોએ રચનાકારોએ સંગ્રામસોની માટે ઘણુ બધું લખ્યું છે. આજે પણ એમની જિન ભક્તિ અને શ્રુતભક્તિની કીર્તિ ગાથાઓ ગવાય છે. ગિરનાર મહાતીર્થ ઉપર સંગ્રામ સોનીની ટૂકના રૂપમાં સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય પણ એમની યથગાથા સંભળાવી રહ્યો છે !

માળવાની ભાષાના લહેજામાં કહીએ તો,

**"अणी रे जेरो कोई कोनी**
**जैसो वियो संग्राम सोनी"**

**(જૈન પરંપરાનો ઇતિહાસ - ભાગ ૩ માંથી સંકલિત) : સંકલન-સંવર્દ્ધન : ભદ્રબાહુવિજય**

## વૈયાવચ્ચ વિભાગ

આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ તરફથી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની વૈયાવચ્ચ માટે શરૂ થયેલો વૈયાવચ્ચ વિભાગ સરસ રીતે ચાલે છે. દરેક સમુદાયો-ગચ્છો અને સંપ્રદાયોના પૂજ્યોનો કોઈપણ જાતની સવિશેષ જાહેરાત કર્યા સિવાય પણ યત્કિંચિત સેવા ભક્તિનો લાભ ટ્રસ્ટને પ્રાપ્ત થાય છે. ઉપકરણો, ઉપધી, વિહાર ઉપયોગી સાધનો, સારવારના સાધનો, લખવા-વાંચવાના સાધનો ઉપરાંત શ્રમણચારને ઉપયુક્ત અનેક વસ્તુઓ વહોરાવવા દ્વારા ભક્તિ કરવામાં આવે છે.

## જિનાલય તથા ચરણપાદુકા દેરીનું નિર્માણ કાર્ય

છીપાવસહી ટૂકમાં આવેલ શ્રી નેમિનાથ ભગવાનના જિનાલયનો અને શ્રી અજિતશાંતિ દેરીની પાછળ રાયણ વૃક્ષની નીચે શ્રી આદેશ્વર ભગવાનની ચરણપાદુકાની દેરીનો ખનન વિધિ તા. ૨૦-૪-૨૦૧૫ના રોજ સંપન્ન થયેલ છે. ખનનવિધિ આચાર્ય શ્રી અક્ષયબોધિસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પ.પૂ. પન્યાસ શ્રી પ્રસન્નચંદ્રસાગરજી મહારાજ સાહેબની નિશ્રામાં આયોજિત થયેલ.

### *લાભાર્થી પરિવાર*

**નેમિનાથજીભગવાનનું જિનાલય** : શ્રીમતી વાદીબાઈ ઘેવરચંદજી<br>હ. શ્રી શિવરાજજી-બેંગ્લોર

**આદેશ્વરભગવાનની ચરણપાદુકા-દેરી** : શ્રી દક્ષાબેન શૈલેષભાઈ પરીખ, મુંબઈ

તા. ૧૧-૫-૨૦૧૫ ના રોજ આની શિલાન્યાસ વિધિ સંપન્ન થયેલ છે જેના લાભાર્થી છે.

પ્રથમ શિલાન્યાસ (નંદા) : શ્રીમતી વાદીબાઈ ઘેરવચંદજી, હ.શ્રી શિવરાજજી, બેંગલોર<br>
દ્વિતીય શિલાન્યાસ (ભદ્રા) : શ્રી દિનેશચંદ્ર મોહનલાલ શાહ<br>
ત્રીજી શિલાન્યાસ (જયા) : શ્રી શૈલેષભાઈ અમરચંદ ઝવેરી<br>
ચોથી શિલાન્યાસ (રિક્તા) : શ્રી પ્રવિણચંદ રતનચંદ ઝવેરી<br>
પાંચમી શિલાન્યાસ (અજિતા) : શ્રી શા. રીખવચંદજી રાયચંદજી સાકરીયા હ. નવીનભાઈ<br>
છઠ્ઠી શિલાન્યાસ (અપરાજિતા) : શ્રી શિવજી કરમશીભાઈ સતારા, હ. ડુંગરસિંહજી<br>
સાતમી શિલાન્યાસ (શુક્તા) : શ્રી ગિરીરાજ દાદા પરિવાર હ. શ્રી નિપુણભાઈ, મુંબઈ<br>
આઠમી શિલાન્યાસ (સૌભાગિની) : શ્રી રાજેશભાઈ શામજીભાઈ હ. અમૃતાબેન<br>
નવમી શિલાન્યાસ (ધરણી-કુર્મશિલા) : શ્રી ભરતભાઈ કાંતિલાલ શાહ (વાલમ)

## રાણકપુરની યાત્રાના રસિકો માટે

રાણકપુરના નલિનિ ગુલ્મવિમાનના દેરાસરના દર્શનાભિલાષી ચાહકો માટે નીચેના પ્રકાશનો અવશ્ય ઉપયોગી નીવડશે.

- રાણકપુરની હિન્દી-ગુજરાતી અંગ્રેજી ભાષામાં અલગ અલગ કોફી ટેબલ બુક અને ત્રણે ભાષામાં ડીવીડી તથા પરિચયાત્મક સીડી
- અંગ્રેજી-હિન્દી ભાષામાં ફોટાઓ સાથેની રંગીન પરિચય પુસ્તિકા મેળવવા આજે જ ટ્રસ્ટનો સંપર્ક કરો.

<u>આણંદજી કલ્યાણજી દ્વારા તીર્થ પરિચય શ્રેણીમાં પ્રગટ થયેલું નવું નજરાણું...</u>

## રાજર્ષિ કુમારપાળ નિર્મિત તારંગા તીર્થ

૩૨ પાનાની ગુજરાતી ભાષામાં પ્રકાશિત થયેલ આ રંગીન અને ઉમદા તસ્વીરોના સંકલન સાથેની આ પુસ્તિકા તારંગા તીર્થની વાત માંડીને કરે છે. તીર્થના મુખ્ય દેરાસર અને તીર્થાધિપતિ મૂળનાયક અજિતનાથ ભગવાનની મનોહારી પ્રતિમાની વાત સાથે તારંગા તીર્થના સંકુલમાં આવેલા અન્ય દેરાસરો... એમાં રહેલો કળા-શિલ્પનો વૈભવ, ધર્મશાળાઓ, વ્યવસ્થા, આયોજન વગેરેની સવિસ્તર માહિતી સાથેનું આ પુસ્તક વાંચશો તો જાણે રુબરુ તારંગાની સ્પર્શના કર્યાનો અહેસાસ થશે અને સાથે લઈને તારંગાની યાત્રાએ જશો તો અત્યાર સુધી નહિ જાણેલો કે નહી માણેલો તીર્થ વૈભવ પ્રત્યક્ષ થશે !

પ્રસ્તુત પુસ્તિકાની કિંમત છે. **ત્રીસ રૂપિયા** (+ ૧૦ રૂપિયા પેંકિંગ, પોસ્ટેજ ખર્ચ)

ટ્રસ્ટના સરનામે સંપર્ક કરવાથી પુસ્તિકા મળી જશે. થોડા જ સમયમાં કુંભારિયા, શેરિસા તીર્થની આવી જ પરિચય-ગાઇડ પુસ્તિકાઓ તૈયાર થશે. આ પુસ્તકો ભવિષ્યમાં હિન્દી ભાષામાં પણ તૈયાર થશે.

પેઢીએ પ્રકાશન ક્ષેત્રે આપેલું યોગદાન

# પેઢી દ્વારા પ્રકાશિત વર્તમાનમાં ઉપલબ્ધ સાહિત્યની સૂચિ

| | | |
|---|---|---|
| (૧) | પેઢીનો ઈતિહાસ ભાગ ૧ | રૂ. ૫૦ |
| (૨) | પેઢીનો ઈતિહાસ ભાગ ૨ | રૂ. ૫૦ |
| (૩) | શત્રુંજય ટૂંક (પરિચય પુસ્તિકા) | - |
| (૪) | શત્રુંજય પ્રતિષ્ઠા અહેવાલ | રૂ. ૧૫ |
| (૫) | પાલીતાણા (ફોટોસેટ) | રૂ. ૫૦ |
| (૬) | રાણકપુર (ફોટોસેટ) | રૂ. ૫૦ |
| (૭) | પાણીતાણા, તારંગા, ગિરનાર, રાણકપુર(પોસ્ટર્સ) | રૂ. ૩૦ |
| (૮) | શ્રી રૂષભદેવ ભગવાનના ફોટોસેટ | રૂ. ૩૦ |
| (૯) | ત્રિભુવનતિલકશ્રી રાણકપુર તીર્થ | રૂ. ૬૦ |
| (૧૦) | તારંગા તીર્થ | રૂ. ૬૦ |
| (૧૧) | ખંભાતના જિનાલય | રૂ. ૨૦૦ |
| (૧૨) | પાટણના જિનાલય | રૂ. ૨૫૦ |
| (૧૩) | વડોદરાના જિનાલય | રૂ. ૩૦૦ |
| (૧૪) | પાલીતાણા શત્રુંજય (મોટું પોસ્ટર) | રૂ. ૧૦૦ |
| (૧૫) | રાણકપુર તીર્થની (ડી.વી.ડી.)<br>અંગ્રેજી, ગુજરાતી, હિન્દી | રૂ. ૨૦૦ |
| (૧૬) | રાણકપુર તીર્થ – (વામા કોમ્યુનીકેશન વાળી નાની બુક)<br>ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂ. ૧૦૦ |
| (૧૭) | રાણપુર તીર્થ (વામા કોમ્યુનીકેશન વાળી મોટી બુક)<br>ગુજરાતી, હિન્દી, અંગ્રેજી | રૂ. ૧૮૦૦ |
| (૧૮) | રાણકપુર (સચિત્ર ગાઈડ બુક) હિન્દી, અંગ્રેજી | રૂ. ૩૦ |
| (૧૯) | તારંગાતીર્થ (સચિત્ર ગાઈડ બુક) ગુજરાતી | રૂ. ૩૦ |

## તીર્થ વ્યવસ્થા, સલાહ-સૂચન, દાન, સહયોગ, જીવદયા, પાંજરાપોળ જીર્ણોદ્ધાર વગેરે પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટના સંપર્ક સૂત્રો :

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
ફોન : ૨૬૬૪૪૫૦૨ - ૨૬૬૪૫૪૩૦
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)
Telefax : 079 - 2660 8244
E-mail : shree_sangh@yahoo.com

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
પટણીની ખડકી, ઝવેરી ચેમ્બર્સની બાજુમાં,
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૦૭૯-૨૫૩૫૬૩૧૯
સમય : સવારે ૧૧ થી ૧-૩૦ અને ૨ થી ૩-૩૦ કલાક સુધી
(રવિવાર તથા રજાના દિવસો સિવાય)

શ્રી કપવનભાઈ હેમેન્દ્રભાઈ સંઘવી
વિશ્રુત જેમ્સ ૭૦૧/૨-એ અમન ચેમ્બર્સ, સાતમે માળ,
૧૧૩ મામા પરમાનંદ માર્ગ,
ઓપેરા હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટેલિ નં. : ૩૨૯૬૧૮૭૦
સમય : બપોરે ૧૨ થી ૫ (રજાના દિવસો સિવાય)

શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ
શ્રી રજનીશાંતિ માર્ગ, પાલીતાણા. પીન નં. ૩૬૪૨૭૦
ટેલિ. નં. : ૦૨૮૪૮-૨૫૨૧૪૮, ૨૫૩૬૫૬
ફેક્સ : ૦૨૮૪૮-૨૪૩૩૪૮
સમય : સવારે ૯ થી ૧૨-૩૦, બપોરે ૨-૩૦ થી ૭-૦૦

'શ્રી આનંદ કલ્યાણ' ત્રૈમાસિક પત્ર સંબંધી
તમામ પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)
શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,
નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
E-mail : anandkalyanmagazine@gmail.com

### અને છેલ્લે

આપને જો આ અંક ગમે... તો શું ગમ્યું ? કશુંક ના ગમે તો શું ના ગમ્યું ? એ અમને ખુલ્લા દિલે પણ મુલાયમ કલમે જણાવશો તો અમને બહુ જ ગમશે ! પત્રવ્યવહાર માટે
ઈ-મેઈલ વધારે ઈચ્છનીય અને આવકારદાયક રહેશે.
E-mail : anandkalyanmagazine@gmail.com



**જૈન ધર્મના બે પ્રમુખ વિચારધારાના સમન્વય માટે તાજેતરમાં અમદાવાદ ખાતે થયેલી મિટિંગમાં ઉપસ્થિત અગ્રણી મહાનુભાવો**

ડાબેથી :(૧) શેઠશ્રી શ્રીપાલભાઈ શાહ (ટ્રસ્ટી - શેઠ આંણદજી કલ્યાણજી ટ્રસ્ટ) (૨) શેઠશ્રી સુધીરભાઈ મહેતા (ટ્રસ્ટી - શેઠ આંણદજી કલ્યાણજી ટ્રસ્ટ)
(૩) શેઠશ્રી વસંતભાઈ દોશી (ઉપપ્રમુખ - ભારતવર્ષીય દિગંબર તીર્થક્ષેત્ર કમિટિ) (૪) શેઠશ્રી પ્રકાશભાઈ ઝવેરી (કાર્યકારી નિર્દેશક - શ્વે. મૂ. જૈન તીર્થરક્ષા ટ્રસ્ટ)
(૫) શેઠશ્રી સુધીરજી જૈન (અધ્યક્ષ - ભારતવર્ષીય દિગંબર તીર્થક્ષેત્ર કમિટિ) (૬) શેઠશ્રી સંવેગભાઈ લાલભાઈ (પ્રમુખ : શેઠ આંણદજી કલ્યાણજી ટ્રસ્ટ)
(૭) શેઠશ્રી ડૉ. સંજયભાઈ (કાર્યકારી નિર્દેશક - શ્વે. મૂ. જૈન તીર્થરક્ષા ટ્રસ્ટ) (૮) શેઠશ્રી કટારિયાજી (અગ્રણી ગુજરાત દિગંબર જૈન સમાના ) (૯) શેઠશ્રી પંકજજી જૈન (ઉપાધ્યક્ષ - ભારતીવર્ષીય દિગંબર તીર્થક્ષેત્ર કમિટિ)




BOOK - POST

*To,*


**શ્રી આનંદ કલ્યાણ (ત્રૈમાસિક પત્ર)**

**શ્રેષ્ઠી લાલભાઈ દલપતભાઈ ભવન, ૨૫, વસંતકુંજ,**

**નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.**

**E-mail : anandkalyanmagazine@gmail.com**